સુવિચાર : સંગ્રહ કરવાની વૃત્તિ આપણો બોજ વધારે છે, જે ત્યાગે છે તે હળવોફુલ બની જાય છે અને તેનું ચિત્ત પ્રસન્નતાથી છલકાઈ જાય છે - જનકલ્યાણ

તાપમાન
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૪૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૦૮ | ૮ ઓક્ટોબર, ૨૦૧૫, ગુરૂવાર ; ભાદરવા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે ટ્વેન્ટી-૨૦ જંગ
- શેરબજારમાં તેજી જારી : વધુ ૧૦૩ પોઈન્ટનો સુધાર
- LPG, PDS સબ્સિડી માટે આધારકાર્ડનો ઉપયોગ : સુપ્રીમ કોર્ટ
- એએપી ધારાસભ્ય સોમનાથ ભારતીને અંતે જામીન મળ્યા
- સાધ્વી પ્રાચીને બિશાહડા જવાથી રોકવામાં આવી
- હવે અકબરુદ્દીન ઓવેસી સામે ધરપકડના આદેશ
- મોદીએ કોઈપણ ચુંટણી વચનો પાળ્યા નથી : રાહુલ
- પાર્ટીમાં પરત ફરવા માટે બળવાખોરોને ભાજપ પ્રમુખ અમિત શાહની અપીલ
- હાલમાં ચુંટણી થઈ જાય તો એનડીએ ગઠબંધનને લાભ
- બિહારમાં પૈસાના બદલે વોટને ૮૦ ટકા લોકો યોગ્ય માને છે

# બિહારમાં પ્રચાર ઝૂંબેશ પરાકાષ્ટાએ

**નરેન્દ્ર મોદીની આજે ચાર જાહેરસભા, સઘન સુરક્ષા : મોદીની જાહેરસભાઓને લઈને ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ : મુંગેર, નવાડા, સમસ્તીપુર અને બેગુસરાઈમાં ચુંટણી બેઠકો યોજાશે : નવમી ઓક્ટોબરના દિવસે વધુ ત્રણ રેલીઓ : પક્ષની વ્યુહરચના પણ તૈયાર કરાશે**



નવી દિલ્હી,તા. ૭

બિહારમાં પ્રથમ તબક્કામાં મતદાન યોજાય તે પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે આક્રમક પ્રચારની શરૂઆત કરવા જઈ રહ્યા છે. જેના ભાગરૂપે આવતીકાલે મોદી બિહારમાં જોરદાર અને ઝંઝાવતી પ્રચાર કરનાર છે. હવે ૧૨મી ઓક્ટોબરે જ્યાં મતદાન યોજાનાર છે તે મત વિસ્તારોમાં મતદારોને પ્રભાવિત કરવા મોદી જઈ રહ્યા છે. આવતીકાલે મોદી ચાર રેલી કરનાર છે. જેમાં મુંગેર, નવાડા, સમસ્તીપુર અને બેગુસરાઈનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યા ઉપર ૧૨મી ઓક્ટોબરના દિવસો પ્રથમ તબક્કામાં મતદાન થશે. એ જ દિવસે મોદી પટણામાં રોકાશે અને પક્ષની ચુંટણી વ્યુહરચના ઘડી કાઢવા વ્યુહરચનાકારોને મળશે. સાથે-સાથે પરિસ્થિતિની સમીક્ષા કરશે. ત્યારબાદ ભાવિ યોજના નક્કી કરવામાં આવશે. ૯મી ઓક્ટોબરના

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે કર્મચારીઓ માટે બોનસ મંજુર

**તહેવાર પહેલા કેન્દ્રીય કેબિનેટની ૧૨ લાખ કર્મચારીઓને મોટી ભેંટ : પ્રોડક્ટીવીટી લીંક્ડ બોનસ તરીકે ૭૮ દિવસનો પગાર : આરપીએફ, આરપીએસએફના કમીઓને ફાયદો નહીં મળે**

નવી દિલ્હી, તા. ૭

તહેવારની સીઝન શરૂ થઈ રહી છે ત્યારે સરકારે આશરે ૧૨ લાખ રેલવે કર્મચારીઓને પ્રોડકટીવીટી લગતી બોનસ આપવાની દરખાસ્તને લીલીઝંડી આપી દીધી છે. પ્રોડક્ટીવીટી લીંક્ડ બોનસને મંજુરી આપવામાં આવી છે. આમાં તમામ નોન ગેજેટેડ કર્મચારીઓને આવરી લેવામાં આવ્યા છે. જોકે, આરપીએફ અને આરપીએસએફને આવરી લેવામાં આવ્યા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ દરખાસ્તને લીલીઝંડી આપવામાં આવી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રેલવે દ્વારા ૭૮ દિવસના પ્રોડકટીવીટી લીંકડ બોનસ આપવાની દરખાસ્ત રજુ કરી હતી. જેને મંજુરી આપી દેવામાં આવી છે. છેલ્લા ૩ વર્ષથી આ જ રીતે બોનસની ચુકવણી કરવામાં આવી રહી છે.

નાણાકીય કટોકટી હોવા છતાં રૂપિયા ચુકવવામાં આવી રહ્યા છે. આનો મતલબ એ થયો કે કર્મચારીઓને આ મહિના માટે ૮૮૯૭ રૂપિયા બોનસ તરીકે મળશે. રેલવે ઉપર બોજ ૮૦૦ કરોડથી વધુની આસપાસનો રહી શકે છે. વર્ષ ૨૦૧૧-૨૦૧૨, ૨૦૧૨-૨૦૧૩ અને ૨૦૧૩-૨૦૧૪માં પણ ૭૮ દિવસના બોનસની જાહેરાત કરાઈ હતી. રેલવે કર્મચારીઓને પીએલબી તરીકે પગાર ચુકવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાતથી નોન ગેજેટેડ કર્મચારીઓને પણ ફાયદો થાય છે. આ વર્ષે પણ ૭૮ દિવસના સમાન બોનસની ચુકવણી કરવામાં આવનાર છે. સારો દેખાવ કરનાર કર્મચારીઓને તેની ચુકવણી કરવામાં આવશે. ભવિષ્યમાં રેલવે નેટવર્કને સુધારવા માટે વધુ સારી કામગીરી અદા કરનાર કર્મચારીઓને પણ આના કારણે પ્રોત્સાહન મળશે. સત્તાવાર નિવેદનમાં સરકાર દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. બોનસની ચુકવણીની નાણાંકીય અસર રહેશે.

બોનસની ચુકવણી માટે પગાર ગણતરી પર મહિને ૩૫૦૦ રૂપિયાની મર્યાદા નક્કી થાય છે. આમાં રેલવે પ્રોટેક્શન ફોર્સ અને રેલવે પ્રોટેક્શન સ્પેશિયલ ફોર્સના કર્મચારીઓને આવરી લેવાયા નથી.

# નવજોત સિદ્ધુને ગંભીર તકલીફ : હોસ્પિટલમાં દાખલ

નવી દિલ્હી,તા. ૭

ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર અને જાણીતા કોમેન્ટર નવજોત સિદ્ધુની હાલત હાલમાં કફોડી બનેલી છે. સિદ્ધુને મંગળવારના દિવસે નવી દિલ્હીના ઈન્દ્રપ્રસ્થ અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ સિદ્ધુના



ચાહકોમાં નિરાશાનુ મોજુ ફરી વળ્યુ છે. સિદ્ધુને ડીપ વેન થ્રમબોસિસ (ડીવીટી)ની બિમારીથી ગ્રસ્ત છે.સિદ્ધૂને લોહીને પાતળા કરવાની દવા હાલમાં આપવામાં આવી રહી છે. હાલમાં સિદ્ધૂની સ્થિતિ સુધારા પર છે. ન્યુરોલોજીકલ સમસ્યા સિદ્ધૂને થઈ હોવાનુ બહાર આવ્યા બાદથી ચાહકો નિરાશ થયેલા છે. ૫૧ વર્ષીય સિદ્ધૂએ કહ્યું છે કે, તે બિમારી સામે લડત લડી રહ્યો છે.

અપોલો હોસ્પિટલ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે સિદ્ધુને ડીવીટીની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જાણકાર તબીબો નિષ્ણાંતો કહે છે કે જો સમયસર સારવાર કરવામાં ન આવે તો આ જીવલેણ સાબિત થઈ શકે છે. આ બિમારીમાં લોહી જામી જાય છે. જેના કારણે સામાન્ય રક્તપ્રવાહ રોકાઈ જાય છે. સિદ્ધુએ પોતે જ હોસ્પિટલમાંથી પોતાના ફોટા ટ્વીટ કરીને કહ્યુ છે. સિદ્ધુએ કહ્યુ છે કે પડી ગયો છુ પરંતુ હાર્યો નથી. ડીવીટીની તકલીફ થઈ ગઈ છે પરંતુ ભગવાનના આર્શિવાદથી ઠીક થઈ જશે. સિદ્ધુ વિતેલા વર્ષોનો સ્ટાર ખેલાડી છે. તે ભારત તરફથી અનેક મેચોમાં ઓપનિંગમાં બેટિંગ કરી ચુક્યો છે. અનેક સદી પણ ફટકારી ચુક્યો છે. સુનિલ ગાવસ્કર સાથે તે ઓપનિંગ કરતો હતો. આ ઉપરાંત ક્રિકેટમાંથી નિવૃતિ લીધા બાદ સિદ્ધુ કોમેન્ટર બની ગયો હતો.

# ફાર્મા ક્ષેત્રે ભારત ટોચના ત્રણ દેશોમાં સામેલ થશે

**મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ૫૫ અબજ ડોલરનું ઉત્પાદન હશે : ૨૦૨૦ સુધી લક્ષ્યાંકને હાંસલ કરવા ફાર્મા ક્ષેત્રે નવીન ટેકનોલોજીની જરૂર**

અમદાવાદ, તા.૭

આજે અમદાવાદ ખાતે એસોએમ-ડી.ઓ.પી. દ્વારા ફાર્મા ક્ષેત્રે આઈ.પી.આર. (ઈન્ટેલક્યુઅલ પ્રોપર્ટી રાઈટ)ના વિષય પર કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાંએસોએમ-ટેકસાઈન રીસર્ચ રીપોર્ટ મુજબ ૨૦૨૦ સુધીમાં ભારત ફાર્મા મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ૫ બિલીયન ડોલરના ઉત્પાદન સાથે વિશ્વમાં ત્રીજા નંબરનો દેશ બનશે. સમિટનુંઉદ્ઘાટન પ્રો.હરીશ પાધ, વાઈસ ચાન્સેલર, સરદાર પટેલ યુનિવર્સિટીના હસ્તે કરવામાં આવેલ હતું. તેઓએ રિસર્ચ પેપરનું વિમોચન કર્યા બાદ તેનું સમર્થન કરતાં કહ્યું હતુ કે, ૨૦૨૦ સુધીમાં ભારતનો સમાવેશ ૫૪.૯૫ બિલીયન ડોલરના ઉત્પાદન સાથે ટોચના ૩ દેશોમાં થશે. જોકેઆ લક્ષ્યાંક હાંસલ કરવા માટે ફાર્મા ક્ષેત્રે નવીનતાની જરૂર છે. તેઓ દ્વારા વધુમાંદ જણાવાયેલ હતું કે, આઈ.પી.આર. ૨૦૦૫ના અમલીકરણ પછી ચકાસણી અને મેડીકલ ઉપકરણોને નકારાત્મક અસર થઈ છે.

આઈ.પી.આર. પણ એટલી જ હદે અનુસરાય એ પણ જરૂરી છે. આઈ.પી.પ્રોટેકશન દેશ માટે બાયો-ફાર્માક્ષેત્રે હજારો રોજગારી ઉભી કરી શકે તેમ છે.દેશમાં હાલની પેટન્ટ સીસ્ટમમાં સારી અને ઝડપી સિસ્ટીમની તાકીદે જરૂર છે. સમિટમાં અભિવાદન કરતાં એસોચેમ ગુજરાત ફાર્મા એન્ડ હેલ્થ કમિટી એન્ડ ડાયરેક્ટર, ફાઈનક્યોર ફાર્માસ્યુટીકલના ચેરમેન વિશાલ રાધરીયાએ જણાવ્યું હતું કે, કે ભારત સરકારે ફાર્મા ક્ષેત્રે કાર્યરત એસ.એમ.ઈ. જેવા કે પૂણે, વડોદરા, અંકલેશ્વર, ઓરંગાબાદ,ઈન્દોર વગેરેને અલગ-અલગ યોજનાઓ થકી સહાય કરવી જોઈએ.



ગરબો - માઁએ ગરબો કોરાવ્યો ગગન ગોખથી... નવરાત્રીનું કાઉન્ટ-ડાઉન આરંભાયુ છે... જનજીવનમાં નવા ઉત્સાહનો પ્રાગટ્ય અનુભવાય છે... મા-આદ્યશક્તિના આરાધના પર્વને ગુજરાત અનોખી રીતે ઉજવે છે... ગુજરાતનો ગરબો વિશ્વગગનમાં ગુંજે છે... વિશ્વનો સૌથી લાંબો નૃત્યોત્સવ એટલે નવરાત્રી પર્વ... ભારતીય સંસ્કૃતિમાં નવરાત્રીનો મહિમા અનોખો છે... શક્તિનું પૂજન અને શક્તિનું સંવર્ધન પર્વમાં ઉલ્લાસપૂર્વક યોજાય છે... ભારતીય સમાજ જીવનના અબાલ-વૃદ્ધ સૌ શક્તિના આરાધન પર્વમાં માતાજીના ગુણગાન ગાવામાં કલાકો સુધી નૃત્ય કરે છે... પ્રાચીન પરંપરાને આધુનિક સુવિધાઓ સાથે ગરબાને એક નવું સ્વરૂપ મળતું જાય છે... શહેર અને ગામડાઓમાં ગલીએ-ગલીએ ગરબાઓ યોજાય છે. પ્રાચીન કાળથી ઉજવાતો નવરાત્રી ઉત્સવ આજે પણ એજ ભાવ અને ભક્તિથી છલકાતો રહ્યો છે... સ્વરૂપોમાં આંશિક ફેરફારો થયા છે પરંતુ મુળભૂત તત્વ યથાવત રહ્યું છે... માતાજીનો ગરબો માથે મુકીને અનોખા લય અને તાલ સાથે ઘુમતી ગુજરાતણ અનોખા માહોલનું સર્જન કરે છે... નર્તન, શબ્દ, તાલ, લયનો સમન્વય એટલે ગરબો... અને સામુહિક ઉજવણીથી સમાજ જીવન ચેતનામય બને છે... મા-આદ્યશક્તિની આરાધનાના પર્વે ભારતીય સંસ્કૃતિમાં ગરબો તેડાવવાની પરંપરા રહેલી છે... નવ દિવસ સુધી ઘરે 'ગરબા'ની પધરામણી કરી માતાજીની આરાધના સાથે અનુષ્ઠાનો કરવામાં આવે છે....

# રાજકોટ વન-ડેમાં હાર્દિક હાજર રહેશે

**વન-ડે મેચની મોટી સંખ્યામાં ટિકિટ ખરીદાશે : હાર્દિક હાલ રાજકોટમાં ગુપ્ત બેઠકોમાં વ્યસ્ત છે : રિપોર્ટ**

અમદાવાદ, તા.૭

પાટીદાર અનામત આંદોલન સમિતિના લીડર હાર્દિક પટેલ હજુ પણ ગુપ્તરીતે બેઠકોનો દોર ચલાવી રહ્યો છે. હાર્દિક હાલમાં રાજકોટમાં હોવાના અહેવાલ મળ્યા છે. પાટીદાર અનામત આંદોલનને તીવ્ર બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. નવી રણનીતિ પણ તૈયાર કરવામાં આવી રહી છે. હાર્દિક પટેલ હાલમાં કઈ રણનીતિ તૈયાર કરી રહ્યો છે તેને લઈને તમામ બાબતો ગુપ્ત રાખવામાં આવી રહી છે. રાજકોટ અથવા કાગવડમાં મહાસંમેલન યોજાય તેવા સંકેત મળી રહ્યા છે જેમાં લાખો લોકો એકત્રિત થઈ શકે છે. હાર્દિકના સાથીદાર દિનશ બાંભણિયાએ જણાવ્યું હતું કે, અંગત બેઠક યોજાઈ હતી. કેટલાક સલાહકારો સાથે જ વિચારણા કરી આવતીકાલ ૮ ઓક્ટોબરે અમદાવાદથી આગામી આંદોલનની રણનિતી જાહેર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. દિનેશ બાંભણિયાએ વધુમાં જણાવ્યું હતું કે અમે કાગવડમાં મહાસંમેલન કરવાના છીએ, જો ત્યાં મેળ નહીં પડે તો રાજકોટમાં કરીશું. જેમાં ૧૦ લાખ લોકો એકઠા થશે તેની તૈયારીઓ અમે કરી રહ્યા છીએ. રાજકોટ વન-ડે મેચ માટે કુલ ૧૮ હજાર જેટલી ટિકિટો ખરીદવાનું લક્ષ્ય રખાયું છે. તેમ પણ એમણે જણાવ્યું હતું. અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલ અને તેના કોર કમિટિના અમુક સભ્યો મંગળવારની મોડી રાત્રે રાજકોટ આવી પહોંચ્યા હતા. આજે રાજકોટ નજીક કોઈ અજ્ઞાત સ્થળે ચિંતન સિબિર યોજવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યું મુજબ બેઠકમાં ૩૦ જેટલા સલાહકારો હાજર રહ્યા હતા. શહેરમાં આગામી ૧૮ ઓક્ટોબરે ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે વન ડે મેચ રમાનાર છે.

079 - 23213090
@ ₹ 149*
LUNCH*
(Unlimited)
10.30 A.M. TO 3-00 P.M.

NEO POLITAN PIZZA
ITALIAN
PIZZERIA



Enjoy
Unlimited
Birthday Fun
& Kitty Party

102, Supper Mall-2, Infocity, Gandhinagar. Mo. 9574000422

*Condition apply